PETROCHEMICALS LIMITED
ONE BKC, 13th Floor, 1302, B-Wing Plot No. C-66, G-Block, Bandra Kurla Complex, Bandra (E) Mumbai-400051
Tel.: 6693 0813 / 0830 • Email : lplho@laffanspetrochemical.com

To,
The Listing Department,
Bombay Stock Exchange Limited,
PJ Tower,
Dalal Street, Fort,
Mumbai-400 001.

**Ref: Scrip Code: 524522**

**LAFFANS PETROCHEMICALS LIMITED**

**Sub: Submission of Newspaper Clipping for Intimation of Board Meeting for the Quarter ended 30th June, 2020.**

Dear Sir/ Madam,

Please find enclosed herewith newspaper clipping of Regulation 47(1)(a) as per SEBI (LODR)Regulation, 2015 for Intimation of Board Meeting dated 14th September, 2020 regarding approval of Unaudited Financial Results for the Quarter ended 30th June, 2020 published in "Navshakti" (Marathi), Desh-Pardesh Ni Aajkaal (Gujarati) and "The Free Press Journal" (English) on 8th of September, 2020 for you records.

Kindly acknowledge the receipt of the same.

Thanking You,

**For Laffans Petrochemicals Limited**

**Sandeep Seth**
**Managing Director**
**(DIN: 00316075)**
Encl: As Above

Place: Mumbai

# ગુજરાતમાં જાગૃતિ લાવીને કોરોના જંગ જીતવાની સંકલ્પનાને વધુ મજબૂત બનાવશેઃ મુખ્યમંત્રી રૂપાણી

## કોરોના રિકવરી રેટ ૮૨ ટકાથી વધુઃ ગાંધીનગરથી મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા પાંચ જિલ્લામાં કોવિડ-૧૯ વિજય રથનું ઈ-ફ્લેગથી પ્રસ્થાન કરાવ્યું

આજકાલ કાર્યાલય
રાજકોટ

આજથી રાજ્યના પાંચ જિલ્લામાં પ્રસ્થાન કરાવેલ કોવિડ–૧૯ વિજય રથ ગુજરાતમાં કોરોના મહામારી સામે જાગૃતિ લાવીને રાજ્યમાં સૌનો સાથ સૌના સહકારથી કોરોના સામે જંગ જીતવાની રાજ્ય સરકારની સંકલ્પનાને વધુ મજબુત બનાવશે તેવો વિશ્વાસ વ્યકત કરતાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગાંધીનગરથી જણાવ્યું હતું.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા આજે જૂનાગઢ, ભુજ–કચ્છ, બનાસકાંઠા, સુરત અને અમદાવાદ એમ પાંચ જિલ્લામાં કોવિડ–૧૯ વિજય રથનું ગાંધીનગરથી ઈ–ફ્લેગથી લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવ્યું હતું.



મુખ્યમંત્રીએ કોવિડ–૧૯ વિજય રથના આયોજન બદલ આયોજકોને અભિનંદન આપતાં જણાવ્યું હતું કે, આપણા સૌના સંકલિત પ્રયાસોથી ગુજરાતમાં કોરોનાને હરાવવા ચોક્કસ સફળતા મળશે. રાજ્ય સરકારના સઘન પ્રયાસો અને લોકોના સહયોગથી ગુજરાતમાં કોરોના રિકવરી રેટ ૮૨ ટકા સુધી પહોંચ્યો છે જ્યારે મૃત્યુ દર ૭ ટકાથી ઘટાડીને ૨.૯ ટકા સુધી લાવી શક્યા છીએ. દેશના સરેરાશ ૮થી ૯ ટકા પોઝિટિવ રેટ સામે ગુજરાતમાં ૩.૫ થી ૪ છે. ગુજરાતમાં ધન્વંતરી રથ, સંજીવની રથ, ૧૦૪ હેલ્પલાઈન અને હવે કોવિડ–૧૯ વિજય રથના માધ્યમથી આપણે કોરોના સામેનું યુદ્ધ જીતવાની દિશામાં આગળ વધી રહ્યા છે તેમાં આપણો ચોક્કસ વિજય થશે તેવી મુખ્યમંત્રીએ શ્રદ્ધા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું હતું કે, સમગ્ર વિશ્વમાં કોરોના સામેની લડાઈમાં ગુજરાત રોલ મોડલ સાબિત થયું છે. ગુજરાતમાં કોરોના સામે જંગ જીતવા ધન્વંતરી રથ, ૧૦૪ હેલ્પ લાઈન જેવી વ્યવસ્થાઓની ડબલ્યુએચઓ દ્વારા સરાહના કરવામાં આવી છે. આ ઉપરાંત સુપ્રીમકોર્ટ દ્વારા પણ ગુજરાતમાં તબીબો દ્વારા કોરોનાના દર્દીઓને અપાતી સેવાની ખાસ નોંધ લેવામાં આવી છે. તાજેતરમાં પ્રતિષ્ઠિત સંસ્થા આઈઆઈએમ–અમદાવાદ દ્વારા પણ ગુજરાતમાં કોરોના સામેના રાજ્ય સરકારના પ્રયાસોને બિરદાવવામાં આવ્યા છે.

મુખ્યમંત્રીશ્રી કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાત સહિત સમગ્ર દેશમાં કોરોનાની મહામારીને નિયંત્રણમાં લેવા સઘન પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. પીઆઈબી, ગુજરાત યુનિવર્સિટી અને યુનિસેફના સંયુકત પ્રયાસોથી આ વિજય રથના પ્રારંભ બદલ મુખ્યમંત્રીએ સૌ આયોજકોને અભિનંદન આપીને સફળતા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

પ્રેસ ઈન્ફર્મેશન બ્યુરોના એડિશનલ ડાયરેક્ટર જનરલ ધીરજ કાકડીયાએ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી વિજય રથની માહિતી આપતાં જણાવ્યું હતું કે, સાવચેતીને સંગ જીતીશું જંગ તેમજ સરકારને સંગ જીતીશું જંગના ધ્યેય મંત્ર સાથે આ કોવિડ–૧૯ વિજય રથનો પ્રારંભ કરવામાં આવ્યો છે. , ગુજરાત યુનિવર્સિટી અને યુનિસેફના સંકલિત પ્રયાસોથી સંચાલિત આ કોવિડ–૧૯ વિજય રથ રાજ્યના તમામ ૩૩ જિલ્લાના ૯૦ જેટલા તાલુકામાં ૪૪ દિવસ ભ્રમણ કરી લોકોને કોરાના પ્રત્યે જાગૃત કરશે તેમજ કેન્દ્ર સરકારની પ્રજા કલ્યાણલક્ષી વિવિધ સરકારી યોજનાઓ અંગે માહિતગાર કરશે. આ રથ પ્રતિદિન ૬૦ કી.મી. જેટલું અંતર કાપશે.

ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ હિમાંશુ પંડ્યાએ સ્વાગત પ્રવચન તેમજ પીઆઈબીના આર.ઓ.બી. સરિતા દલાલે આભાર વિધિ કરી હતી. આ વિજય રથ પ્રસ્થાન પ્રસંગે સાંસદ સર્વશ્રી એચ. એસ. પટેલ, રાજેશ ચુડાસમા, દર્શનાબેન જરદોશ, વિનોદ ચાવડા તેમજ ધારાસભ્યઓ વિવિધ જિલ્લામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ગેસ કેડરના ૩૩ અધિકારીના નામ IAS માટે યુપીએસસીને મોકલાયા

## એક જગ્યા માટે ત્રણ નામની પેનલ મોકલવાની હોય તે મુજબ ૧૧ જગ્યા માટે ૩૩ નામની ભલામણ

આજકાલ પ્રતિનિધિ
ગાંધીનગર

ગુજરાત રાજ્ય વહીવટી સેવાના અધિકારીઓને સનદી સેવામાં પ્રમોશન આપવામાં આવે છે. રાજ્યમાં ૬૭ ટકા ડાયરેકટ અધિકારીઓની નિમણૂક યુપીએસસી દ્વારા થાય છે. જયારે ૩૩ ટકા સંબંધિત રાજ્યના વહીવટી અધિકારીઓમાંથી કરવામાંઆવે છે. વર્ષ ૧–૧–૨૦૧૯ની સ્થિતિ માટેની યુપીએસસી સાથેની બેઠક સંપન્ન થઈ ચૂકી છે. ત્યારે ગુજરાત સરકાર દ્વારા ૧૭ જેટલા ચુનંદા અધિકારીઓના નામ યુપીએસસી સમક્ષ મુકવામાં આવ્યા છે. જેમાંથી કોને લાગશે સનદી અધિકારી તરીકેની લોટરી તે સમય જ બતાવશે. જેમાં નોંધવુ જરૂરી છે. જેમાં એક માત્ર મહિલા અધિકારી જયશ્રી દેવાંગનું નામ છે. આ વખતની રાજ્યના ૧૧ અધિકારીઓને આઈએએસ તરીકે પ્રમોશન મળે તેમ છે. ૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિને ધ્યાનમાં રાખીને ૩૩ જેટલા નામોની યાદી યુપીએસસીને મોકલવામાં આવી છે.

અત્યાર સુધીમાં રાજયના અધિકારીઓને આ પ્રમોશન મળવાનો રેશિયો ૩૩ ટકા છે. યુપીએસસીના નિયમ મુજબ અધિકારીઓની નિમણૂક સમયસર કરવાની ફરજિયાત છે પરંતુ કોરોનાના કારણે લગભગ છ મહિના જેટલો સમય વ્યતિત થયો છે. રાજ્યના સામાન્ય વહીવટી વિભાગના અધિકારીઓની યુપીએસસી સાથે મહત્વની બેઠક ગત ૨૨મીએ દિલ્હીમાં મળી ગઈ હતી. જેમાં ૭ અધિકારીઓની જગ્યા સામે ત્રણગણા એટલે ૩૩ નામો મુકવામાં આવ્યા છે. આ નામોની યાદી યુપીએસસી સમક્ષ સેક્રેટની જીએડી અને મુખ્ય સચિવ દ્વારા મુકવામાં આવ્યા હતા. લગભગ એક અંદાજ મુજબ આ પ્રમોશનની પ્રક્રિયા પૂર્ણ થતાં ઓકટોબર મહિનાનો અંત આવી જશે. હાલ યુપીએસસીને સોંપવામાં આવેલી ત્રણ નામોની પેનલના કર્મચારી અધિકારીના ત્રણ–ચાર પાસાઓ તપાસવામાં આવે છે. આ પાસા તપાસ્યા બાદ તેમની સામે કોઈપણ પ્રકારની ડિપાર્ટમેન્ટલ ઈન્કવાયરી હોય તો તેની તપાસ પણ કરવામાં આવે છે તેની કલીન ચીટના રિપોર્ટ બાદ યુપીએસસી રાજ્યના મુખ્ય સચિવને જાણ કરે છે. તેવા સંજાગેમાં ફાઈલ મુખ્યમંત્રી સુધી કલીયર થયા પછી યુપીએસસીને મોકલ્યા બાદ જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવે છે.

### ૧૧ ગેસ અધિકારીઓના નામની યાદી

જયશ્રી દેવગન, કેયુર સંપત, એમ.કે.દવે, વી.ડી.પલસાણ, મેહલ દવે, ડી.એન.સોલંકી, પી.એન.મકવાણા, અશોક પટેલ, પી.આર.જોષી, એ.બી.રાઠોડ, એસ.કે.પ્રજાપતિ, એસ.ડી.ધાનાણી, કે.એલ.વસાવા, ડી.ડી.જાડેજા, રમેશ મેરજા, એન.સી.શાહ, બી.એચ.પાઠક.

### સનદી અધિકારીઓની ઘટ પુરી શકાશે

અત્રે નોંધવું જરૂરી છે કે, ગુજરાતમાંથી ઘણાબધા અધિકારીઓ દિલ્હી ડેપ્યુટેશન પર છે. તેવા સંજોગોમાં સનદી અધિકારીઓની ખોટ છે એક જ અધિકારી પાસે એકથી વધુ ચાર્જ હોવાના પરિણામે અધિકારીઓ પાસે કામનો બોજ ખૂબ મોટો રહે છે. તેવા સંજોગોમાં ૧૧ જેટલા અધિકારીઓને પ્રમોશન મળવાના કારણે સનદી અધિકારીઓની ઘટ નિવારી શકાશે તેવો વિશ્વાસ સચિવાલયના ઉચ્ચ અધિકારી વર્તુળમાંથી વ્યકત કરવામાં આવી રહ્યો છે.

# દિલ્હી-અમદાવાદ રાજધાનીમાં ૨૦ મુસાફરો પોઝિટિવ નીકળ્યા, ૧૮ને કોઈ લક્ષણો નહોતા

## તમામને ક્વોરન્ટીન સેન્ટરમાં મોકલવામાં આવ્યા અને સંપર્ક ટ્રેસિંગ પણ શરૂ કરવામાં આવ્યુંઃ બસ ડેપો અને રેલ્વે સ્ટેશન પર મુસાફરોનું સ્કીનિંગ

અમદાવાદ

દિલ્હી–અમદાવાદ રાજધાની એક્સપ્રેસમાં કોરોનાવાયરસ પરીક્ષણમાં અમદાવાદ સ્ટેશન પર ૨૦ મુસાફરો કોરોના પોઝિટિવ મળી આવ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, આ પૈકીના ૧૮ મુસાફરોની તપાસ દરમિયાન કોરોનાનાં ચિહ્નો જોવા મળ્યાં નથી. ટ્રેનમાં સવાર ૧૮ મુસાફરો એસિમ્પટમેટિક હતા. તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. કુલ ૨૦ મુસાફરોમાંથી, ૨ ની ઉમર ૭૦ વર્ષથી વધુ ઉંમરના હોવાથી તેમને લાઈફ કેર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે .



મામલો પ્રકાશમાં આવ્યા પછી, તેમને ક્વોરન્ટીન સેન્ટરમાં મોકલવામાં આવી રહ્યા છે. તે જ સમયે, સંપર્ક ટ્રેસિંગ પણ શરૂ કરવામાં આવી છે. બસ ડેપો અને રેલ્વે સ્ટેશન પર સ્કીનીંગ કરવામાં આવી રહ્યું છે. આ તમામ મુસાફરો એક જ કોચના હોવાનું પણ જાણવા મળ્યું છે. ઉલ્લેખનીય છે કે દેશમાં હાલમાં અનલોક ૪.૦ અંતર્ગત રાજધાની સ્પેશિયલ ટ્રેન ચલાવવામાં આવી રહી છે. તેવામાં આ મુસાફરોનું સ્ક્રિનિંગ કરવામાં આવતા તેમને કોરોના પોઝિટિવ જણાઈ આવ્યો છે. સમાચાર મળતાની સાથે તંત્ર દોડતું થઈ ગયું છે. દરમિયાન રાજધાનીના ૨૦માંથી ૧૮ પેસેન્જરો એ સિમ્પ્ટોમેટિક હોવાથી તેમને સમરસ હોસ્ટેલમાં રાખવામાં આવ્યા છે.

# સ્થાનિક ચૂંટણી પહેલાં કોર્પોરેટરોમાં જૂથબંધી, ૪૦ ટકા ટિકિટથી વંચિત રહેવાની સંભાવના

## વિધાનસભાની પેટાચૂંટણી પછી આવી રહેલી જિલ્લા-તાલુકા પંચાયતો, પાલિકા અને મ્યુનિસિપલ કોર્પોરેશન ચૂંટણીમાં હાલના કોર્પોરેટરોને ટિકિટ મળશે કે કેમ તે અંગે અનિશ્ચિતતા

આજકાલ પ્રતિનિધિ
ગાંધીનગર

ભાજપમાં જૂથબંધીના વાડા બંધ કરો તેવી પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલની ચિમકી પછી પણ આવી રહેલી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી પૂર્વે પાર્ટીમાં જૂથબંધી પ્રવર્તી રહી છે. સ્થાનિક ગોડફાધરો પાસે અત્યારથી જ ટિકીટ માટેના સોગઠાં ગોઠવાઈ રહ્યાં છે ત્યારે પાર્ટી સૂત્રો કહે છે કે ૪૦ ટકાથી વધુ કોર્પોરેટરો અને સભ્યોને આ વખતે ટિકીટ મળશે નહીં.

સૂત્રોએ કહ્યું હતું કે રાજ્યના તમામ મહાનગરોમાં વર્ષોથી ભાજપનું શાસન હોવાથી એન્ટી ઈન્કમબન્સીનો ભય હોવાથી નો–રિપીટ થિયરીમાં મોટાભાગના સભ્યો આવી શકે છે. પાર્ટી નવયુવાન કાર્યકરોને ટિકીટ આપવા માગે છે. નવા સિમાંકનની જાહેરાત પછી કેટલાક કોર્પોરેટરોનો મતવિસ્તાર બદલાઈ જતો હોઈ વિપક્ષને સફળતા ન મળે તે માટે પાર્ટીના પ્રદેશ પ્રમુખ હાલના કોર્પોરેટરને ટિકીટ આપે તેવી સંભાવના જોવામાં આવતી નથી.

રાજ્યમાં ૩૧ જિલ્લા પંચાયત, ૨૩૦ તાલુકા પંચાયત, ૫૬ નગરપાલિકા અને છ મહાનગરપાલિકાની ચૂંટણીઓ ઓક્ટોબર અને નવેમ્બરમાં થવાની છે.

મહાનગરોમાં અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર અને ભાવનગરમાં ચૂંટણી નિર્ધારિત છે. પાર્ટીના સિનિયર નેતાએ કહ્યું હતું કે આ વખતે મહાનગરના કોર્પોરેટરો તેમજ જિલ્લા–તાલુકા પંચાયત તેમજ પાલિકાના વર્તમાન સભ્યો પૈકી કોને ટિકીટ મળી શકે છે અને કોનું પત્તું કપાશે તે નક્કી નથી પરંતુ ૪૦ ટકાથી વધુ સભ્યોને ફરીથી ટિકીટ મળી શકે તેમ નથી તેથી તેમને ઘરે બેસવાનો વારો આવશે.

અમદાવાદ મહાનગરની ચૂંટણીમાં જોઈએ તો પાર્ટીના હાલના સભ્યો અમિત શાહ, આનંદીબહેન પટેલ, સુરેન્દ્ર પટેલ, પ્રદીપસિંહ જાડેજા, જગદીશ પંચાલ અને આઈકે જાડેજાના સમર્થકો છે. આ નેતાઓના સમર્થકોએ અત્યારથી ટિકીટ માટે દોડધામ શરૂ કરી છે. રાજ્યમાં વિધાનસભાની આઠ બેઠકોની પેટાચૂંટણી પછી સ્થાનિક ચૂંટણી થવાની છે તેથી ટિકીટ મેળવવા ઈચ્છુક સભ્યો અત્યારે પાર્ટી લાઈનમાં એટલે કે પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલની ધરીમાં જોડાઈ રહ્યાં છે.

ગુજરાતમાં મહાનગરોની ચૂંટણીમાં કોંગ્રેસને સત્તા મળી શકે તેમ નથી તે ભાજપ સારી રીતે જાણે છે અને ભાજપના નેતાઓ પણ માને છે કે અમે કોઈપણ ઉમેદવાર ઉભો રાખીશું પરંતુ તે ભાજપના સિમ્બોલ પર ચૂંટણી જીતીને આવશે. ગુજરાત કોંગ્રેસ રાજ્યના શહેરી વિસ્તારમાં પ્રભુત્વ ધરાવતી નથી અને પ્રભુત્વ ઉભું થાય તેવા પ્રયાસો પણ થતાં નથી, એ સમયે ભાજપને ઉમેદવારો બદલવાનો ચાન્સ મળી રહ્યો છે.

# સુપર ફાસ્ટ સ્પેશ્યલ ટ્રેન માત્ર ૩૬ ઉતારું ખાતર ૪૫૦ કિ.મી. દોડાવાઈ

## અમદાવાદ આર્મી એકઝામ સ્પેશ્યલ ટ્રેન માટે અઢીસોથી ઉપરાંત રેલવે સ્ટાફ પણ તૈનાત રહ્યો

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

ઝારખંડમાં રાજધાની એકસપ્રેસ ટ્રેન ઉતારૂ તરીકે એકમાત્ર કાયદાની વિદ્યાર્થિનીની જિદને ખાચર ૫૩૫ કિ.મિ.નું માર્ગાંતર કરીને રાંચી સુધી દોડાવવી પડી હોવાના ગયા સપ્તાહના કિસ્સામાં એકનો ઉમેરો થયો છે. જોકે આ કિસ્સામાં રેલવેના બાબુ સાહેબોના અણઘડ નિર્ણયને કારણે ૨૩ કોચની સુપરફાસ્ટ સ્પેશ્યલ ટ્રેન માત્ર ૩૬ ઉતારૂને લઈને સાડા ચારસો કિ.મી. દોડાવવી પડી હોવાનું બહાર આવ્યું છે. આ કિસ્સામાં સૌરાષ્ટ્રના સોમનાથ–અમદાવાદ સુધીના ૪૩૬ કિ.મી.ના અંતરમાં વચ્ચેના સ્ટેશનો ખાતે અઢીસોથી વધુ રેલવે સ્ટાફ પણ તૈનાત હતો.



જાણવા મળ્યા મુજબ અમદાવાદ ખાતે ગઈકાલે રવિવારે નેશનલ ડિફેન્સ એકેડેમી અને નેવલ એકેડમીમાં ભરતીની પરીક્ષાના ઉમેદવારો માટે શનિવારે રાત્રે સોમનાથથી અમદાવાદ અને રવિવારે રાત્રે અમદાવાદથી સોમનાથ સુપર ફાસ્ટ ટ્રેનો દોડાવાઈ હતી, પરંતુ રેલવે તંત્રનો અંધેર વહીવટ હોય કે પછી બીજું કાંઈ પરંતુ શનિવારે રાત્રે સોમનાથથી ઉપડેલી સુપર ફાસ્ટ સ્પેશ્યલ ટ્રેનમાં ૨૯ ઉમેદવારો બેઠા હતાં. આ ટ્રેન માર્ગમાં જૂનાગઢ, ભકિતનગર, રાજકોટ, સુરેન્દ્રનગર અને વિરમગામ સ્ટોપ બાદ અમદાવાદ ગઈ હતી.

તેમાં જૂનાગઢ, ભકિતનગર અને સુરેન્દ્રનગર ઉપરાંત વિરમગામથી એકપણ ઉમેદવાર બેસી શકયા ન હતાં. માત્ર રાજકોટ જંકશનથી માત્ર ૬ ઉમેદવારો રિઝર્વેશન કરાવીને બેઠા હતાં.

### શનિવારની સ્પે.ટ્રેનની શુક્રવારે ઘોષણા કરાઈ

**હાલ રેગ્યુલર ટ્રેનોમાં લોકડાઉન દરમિયાન જ અમદાવાદ ખાતે રવિવારે યોજાયેલી આર્મીના બે વિભાગની ભરતી પરીક્ષાના ઉમેદવારોને અમદાવાદ જવા અને પરત આવા સગવડ માટે આ ટ્રેન દોડાવવાનો નિર્ણય લેવાયો હતો, પરંતુ ખાટલે મોટી ખોડ કે શનિવારે રાત્રે સોમનાથથી અમદાવાદની આ ટ્રેન દોડાવવાની ઘોષણા રેલ તંત્ર દ્વારા શનિવારે એટલે કે માત્ર એક દિવસ અગાઉ કરાઈ હતી. જેને કારણે આ ટ્રેન અંગેની માહિતી પણ ઉમેદવારો સુધી પહોંચી શકી ન હોય ગમે તે બન્યું પરંતુ રેલવે તંત્રે આ સ્પે.ટ્રેના નિર્ણયમાં ખૂબજ બેદરકારી દાખવી છે.**

પરંતુ આ ૨૩ કોચની સુપરફાસ્ટ સ્પેશ્યલ ટ્રેન માટે સોમનાથથી વિરમગામ સુધીમાં ટ્રેનના ૭ ટીસી, લોકોપાયલોટ, ગાર્ડ, ક્રુ મેમ્બર સહિત અઢીસા ઉપરાંતનો સ્ટાફ તૈનાત રહેવું પડયું હતું. તેમાં રાજકોટ જંકશન ખાતે જ સ્ટેશન મેનેજર, કેરેજ આસિસ્ટન્ટ, ટીટીઈ, આરપીએફ, જીઆરપી, અન્ય ટેક્નિકલ વહીવટી મળીને ૬૦ જેટલા કર્મચારીઓને હાજર રાખવા પડયા હતાં અને રાજકોટના ૬ સહિત માત્ર ૩૬ ઉતારું ટ્રેનમાં હતાં.

આ કિસ્સામાં રેલવે તંત્રનો અંધેર નગરી ટકે શેર ભાજી, ટકે શેર ખાજા જેવો વહીવટ હોવાનું મનાય છે. જેને કારણે રેલવે તંત્ર પણ હાસ્યાસ્પદ બન્યું છે.

# બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેનની ચૂંટણીમાં કિરીટ બારોટ બિનહરીફ ચૂંટાયા

## વકીલોની બનેલી સંસ્થામાં ગાંધીનગરના સિનિયર વકીલ શંકરસિંહ ગોહિલ વાઈસ ચેરમેન, આ સાથે કમિટીઓના ચેરમેન પણ ચૂંટાયા

આજકાલ પ્રતિનિધિ
ગાંધીનગર

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની યોજાયેલી ચૂંટણીમાં અમદાવાદના સિનિયર વકીલ કિરીટ બારોટ ચેરમેન તરીકે ચૂંટાઈ આવ્યા છે.

વકીલોની બનેલી આ સંસ્થામાં વાઈસ ચેરમેન તરીકે ગાંધીનગરના સિનિયર વકીલ શંકરસિંહ ગોહિલની વરણી થઈ છે.

ગુજરાત બાર કાઉન્સિલમાં છેલ્લા ૨૨ વર્ષથી સમરસ પેનલનો દબદબો રહ્યો છે. ચેરમેન તેમજ વાઈસ ચેરમેનની ચૂંટણી બિનહરીફ કરવામાં આવી છે. આ ચૂંટણીમાં વર્ષ ૨૦૨૦–૨૧ના હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે.



બાર કાઉન્સિલની એક્ઝિક્યૂટિવ કમિટીના ચેરમેન તરીકે અમદાવાદના એડવોકેટ ભરત ભગત, એન્ટોલમેન્ટ કમિટીના ચેરમેન તરીકે મોડાસાના હરીભાઈ પટેલ, ફાઈનાન્સ કમિટીના ચેરમેન તરીકે કિશોર ત્રિવેદી, રૂલ્સ કમિટીના ચેરમેન તરીકે અનિરુદ્ધસિંહ ઝાલા, જીએચએલ કમિટીના ચેરમેન તરીકે વલસાડના પ્રવિણ પટેલની વરણી કરવામાં આવી છે.

# ગુજરાતી ગાયક કલાકારનું લંડનમાં મોત, પરિવાર પર તૂટ્યું આભ, ચાહકો શોકમાં

આજકાલ પ્રતિનિધિ
અમદાવાદ

વિદેશમાં સ્થાયી થયેલા આશાસ્પદ યુવકનો કોરોનાએ ભોગ લીધો છે. લંડનના પ્રખ્યાત ગાયક કલાકાર વિજય ગઢવીનું કોરોનાના સંક્રમણથી અવસાન થયું છે. વિજય ગઢવીના અવસાનથી પરિવાર પર આભ તૂટ્યું છે, ચાહકોમાં પણ શોકની લાગણી પ્રસરી ગઈ છે.

પ્રાપ્ત માહિત અનુસાર, પ્રખ્યાત ગુજરાતી ગાયક કલાકાર વિજય ગઢવીનું લંડનમાં અવસાન થયું છે. મૂળ મહેમદાવાદના વતની વિજય લંડનમાં સ્થાયી થયા હતા. થોડા જિવસો અગાઉ



કોરોના સંક્રમણના લક્ષણો દેખાતો કોરોના ટેસ્ટ કરાવ્યો હતો. કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા તેમને સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા.

# રાજકોટ માટે સુપર સ્પ્રેડર બનતી પાટીલની રેલીઃ ભાજપના અનેક નેતાઓને કોરોના

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

દિવસ દરમિયાન વધુમાં વધુ લોકોના સંપર્કમાં આવતા હોય તેવા ફેરીયા, શાકભાજીવાળા, કરિયાણાના વેપારી, મીડિયા કર્મચારીઓ વગેરેની ગણતરી કોરોનાના સુપર સ્પ્રેડર તરીકે કરવામાં આવતી હોય છે. ભારતીય જનતા પક્ષના પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ સત્તાવાર રીતે આવી વ્યાખ્યામાં આવતા નથી પરંતુ તેમણે તાજેતરમાં કરેલા સૌરાષ્ટ્રના પ્રવાસ બાદ ભાજપના આગેવાનો, કાર્યકરો,ધારાસભ્યો, સંસદસભ્યો અને વીઆઈપીઓને જે રીતના કોરોના પોઝિટિવ જોવા મળી રહ્યો છે તે જોતા પાટીલની સ્વાગર રેલી સૌરાષ્ટ્ર ભાજપના આગેવાનો માટે સુપર સ્પ્રેડર સાબિત થઈ છે. અત્યાર સુધીમાં ભાજપના અનેક આગેવાનોને કોરોના પોઝિટિવ થયો છે અને હવે તેમાં રાજકોટના ભાજપના ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલનું નામ ઉમેરાયું છે.

કોરોનાની વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સભા, સરઘસ અને રેલી પર દરેક જિલ્લા કલેક્ટરો અને પોલીસ સત્તાવાળાઓએ જાહેરનામાથી પ્રતિબંધ ફરમાવ્યો છે. આ પ્રતિબંધની ઐસીતૈસી કરી મંજૂરી મેળવ્યા વગર પાટીલના સ્વાગતમાં ઠેર ઠેર રેલી, મીટીંગજેવા આયોજનો મોટાપાયે કરવામાં આવ્યા હતા.આમ છતાં પોલીસ અને કલેક્ટર તંત્ર મૂક પ્રેક્ષક બનીને બેસી રહ્યું હતું. પાટીલની રેલીના આયોજકો કે ભાજપ સામે કોઈ પ્રકારના કેસ કરવામાં આવ્યા નથી પરંતુ કોરોનાના કેસ મોટા પ્રમાણમાં થયા છે. રાજકોટના પ્રથમ નાગરિક અને મેયર બીનાબેન આચાર્ય, રાજ્યસભાના સભ્ય અભયભાઈ ભારદ્વાજ, ધારાસભ્યો અરવિંદ રૈયાણી, ગોવિંદભાઈ પટેલ, સરગમ ક્લબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા સહિત અનેક કોરોના પોઝિટિવ થયા છે. આ ઉપરાંત ગાંધીનગરમાં પ્રદેશ ભાજપ કાર્યાલય મંત્રી પણ પાટીલની રેલીમાં સંપર્કમાં આવ્યા હતા અને તે પણ કોરોના પોઝિટિવ થયા છે.

Laffans PETROCHEMICALS LIMITED AN ISO 9002 CO.
Regd. Office: Shed No. C1B/316 GIDC, Panoli, Ankleshwar, Dist. Bharuch Gujrat- 394116
Tel.: 022-66930813, Fax: 022-26503186
WEBSITE: www.laffanspetrochemical.com
Corporate office: ONE BKC, 13th Floor, 1302, B–Wing, Plot No. C–66, G–Block, Bandra Kurla Complex, Bandra (E), Mumbai – 400051
CIN: - L99999GJ1992PLC018626
Email id:-lplho@laffanspetrochemical.com

NOTICE

We wish to inform you that, pursuant to **Regulation-29** read with regulation 47 of the Securities and Exchange Board of India (Listing Obligation and Disclosure Requirements) Regulations, 2015 ("LODR Regulation"), **Meeting of Board of Directors of the Company will be held on Monday, 14thSeptember, 2020, at 3:30 p.m. at ONE BKC, 13th Floor, 1302, B–Wing, Plot No.C–66, G–Block, Bandra Kurla Complex, Bandra (E), Mumbai – 400051, inter-alia, to consider & approve the un-audited Financial Results for the quarter ended on June 30, 2020.**

This information is also hosted on the company's website at www.laffanschemical.com and may also be accessed on the websites of the stock exchange at www.bseindia.com.

**For LAFFANS PETROCHEMICALS LIMITED**
**Sd/-**
**Sandeep Seth**
**(Managing Director)**
**DIN: 00316075**

દેશ-પરદેશની આજકાલ

Appointment

RATE (Per c.c.) Individual Edition(IP)

RAJKOT Rs. 150/- per cc
Jamnagar Rs. 140/- per cc
Bhavnagar Rs. 70/- per cc
Porbandar Rs. 70/- per cc
Ahmedabad Rs. 100/- per cc

COMBINED (ALL EDITIONS) Rs.175

: Advt Contact :

| Ahmedabad | Rajkot | Jamnagar | Bhavnagar | Porbandar |
|---|---|---|---|---|
| 99251 90097 | 99798 50585 | 98250 73588 | 98795 42542 | 77788 11110 |

